# શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા

## શ્રી કેવલજ્ઞાન કલ્યાણક પૂજા પ્રારંભ

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય: |

દુહા

વિહાર કરતાં વીરજી, છોડી સહુ સમુદાય

કુમાર ગામે આવિયા, બે ઘડી દિન દેખાય |

કાઉસગ્ગ મુદ્રા ધારીને, જિનવર ઉભા જયાંય

પીડા કરતાં ગોપને, હરિ સમજાવે ત્યાંય |

ઉપસર્ગો પ્રભુને અતિ, સહાય થવાને કાજ

સ્વામી સંગે વિહરવા વિનતી કરે સુરરાજ |

અન્ય બળે અરિહંત નવ, ચાહે કેવલજ્ઞાન

એમ કહીને વિહરતા, અવની પર ભગવાન |

ઢાળ

પ્રભુજી સિધાવ્યા રે, કર્મદળ જીતવા રે (૨)

વીરજી સિધાવ્યા રે, કર્મદળ જીતવા રે (૨)

સહેતા પરિસહ અતિ દુઃખકાર, અભિગ્રહ ધારે વિવિધ પ્રકાર

કર્મ ખપાવે રે સમ્યગ્ ભાવથી રે,

પ્રભુજી સિધાવ્યા રે, કર્મદળ જીતવા રે

પીડતો શૂળપાણિ લેઈ લાગ, ડશીઓ ચંડકોશિયો નાગ

નાગકુમારે રે પ્રભુજીને દુભવ્યા રે,

પ્રભુજી સિધાવ્યા રે, કર્મદળ જીતવા રે

ગોશાલો કટપૂતના ક્રૂર, વ્યંતરી શાલાર્યા મગરૂર

સંગમ દેવે ઉપસર્ગો કર્યા રે,

પ્રભુજી સિધાવ્યા રે, કર્મદળ જીતવા રે

મનમાં આણી અતિશય કોપ, કર્ણે ખીલા ઠોકે ગોપ

નાદ કરંતા રે ભૈરવ વન થયું રે,

પ્રભુજી સિધાવ્યા રે, કર્મદળ જીતવા રે

ચંદનબાળાને ભુવન, વ્હોરે બાકુળા ભોજન

અભિગ્રહ ધારે રે અગણિત કષ્ટના રે

પ્રભુજી સિધાવ્યા રે, કર્મદળ જીતવા રે

મારી આજની ઘડી તે રળિયામણી,

હે સખી આજની ઘડી તે રળિયામણી

હે ... મને પ્રભુજી મળ્યાની વધામણી રે

મને પ્રભુજી મળ્યાની વધામણી રે

મારી આજની ઘડી તે રળિયામણી

હો જી રે સખી આજની ઘડી તે રળિયામણી

ષડ્માસી પંચઉણ ષડ્માસી, નવ ચોમાસી બે ત્રણ માસી

હે ... બે અઢી માસી રે ષડ્ બે માસી કરી રે

મારી આજની ઘડી તે રળિયામણી

હો જી રે સખી આજની ઘડી તે રળિયામણી

બે દોઢ માસી દ્વાદશ માસ, બહોંતેર કીધા છે અર્ધ માસ

હે ... દ્વાદશ કીધા રે અઠ્ઠમ તપ ભલાં રે

મારી આજની ઘડી તે રળિયામણી

હો જી રે સખી આજની ઘડી તે રળિયામણી

છઠ્ઠ તપ બસેં ઓગણત્રીસ, દો ચાર દશ દિન ત્રિભુવન ઈશ

હે ... પ્રતિમા ધારે રે ભદ્રાદિક તણી રે

મારી આજની ઘડી તે રળિયામણી

હો જી રે સખી આજની ઘડી તે રળિયામણી

પારણાં ત્રણસેં ઓગણપચાસ, તપ તપીઆ ઈમ ધરી ઉલ્લાસ

હે ... જલ વિણ કીધાં રે પ્રભુએ તપ સહુ રે

મારી આજની ઘડી તે રળિયામણી

હો જી રે સખી આજની ઘડી તે રળિયામણી

(ચગાવવું)

પ્રભુએ પારણાં કીધ જ્યાંય, કરતાં પંચ દિવ્ય સૂર ત્યાંય

હે ... જગ ઉપકારી રે જગમાં વિહર્યા રે

મારી આજની ઘડી તે રળિયામણી

હો જી રે સખી આજની ઘડી તે રળિયામણી

વિહર્યા વર્ષ તે સાડાબાર રે, યશોભદ્ર જીવન આધાર રે

હે ... ધીરજ ધારી રે, કર્મ વિદારિયાં રે

મારી આજની ઘડી તે રળિયામણી

હો જી રે સખી આજની ઘડી તે રળિયામણી

હે ... મને પ્રભુજી મળ્યાની વધામણી રે

મને પ્રભુજી મળ્યાની વધામણી રે

મારી આજની ઘડી તે રળિયામણી

હો જી રે સખી આજની ઘડી તે રળિયામણી

(દુહા ચગાવીને ગાવા)



દુહા

હે ... આઠે પ્રવચન પાળતા, શુધ્ધ ચારિત્ર અપાર

હે પંચ મહાવ્રત ધારતા, વીર પ્રભુ અણગાર ।

હે ... નિરાશ્રય નિર્ભય સદા, નિસ્નેહી નિર્ગ્રંથ

હે નિર્લેપી નિર્મલ અચલ વળી નવિ ચઉ પ્રતિબંધ ।

લાખ લાખ કર્મોની ફોજને વિદારતા

રાગ દ્વેષ દૂર કરનાર, વીતરાગી વીર જિન પૂજીએ

મમતા ન ધારતા, સમતા સોહાવતા

ચારિત્ર ગુણભંડાર, વીતરાગી વીર જિન પૂજીએ

નિરાલંબન પંચ ઇન્દ્રિયને વશ કરે,

સમરથ સૂર્ય સમા તેજસ્વી અઘ દહે

નીંદ શયન ત્યજનાર, વીતરાગી વીર જીન પૂજીએ

શાંતિ ક્ષમા જ્ઞાન દર્શનમાં રમે

આર્જવ માર્દવ નિર્લોભતા ગમે

સાધ્ય પદે રમનાર, વીતરાગી વીર જીન પૂજીએ

વૈશાખ સુદ દશમીને મધ્યાહ્ને

ક્ષપક શ્રેણી ચઢી શુક્લધ્યાને

ઘનઘાતી કીધાં સંહાર, વીતરાગી વીર જીન પૂજીએ

શાલ વૃક્ષ નીચે સુશોભિત અવસરે

કેવલજ્ઞાન અણમૂલું પ્રભુ વરે

વરત્યો ત્યાં જય જયકાર, વીતરાગી વીર જીન પૂજીએ

લોક અલોકના ભાવો જાણે બધા

સમવસરણમાં દીધી જ્યાં દેશના

નિષ્ફળ જાય તેણીવાર, વીતરાગી વીર જીન પૂજીએ

નયરી અપાપા મહાસેન વનમાં

સમવસરણ સૂર રચતા ઉમંગમાં

ત્રણ ગઢ ચઉ ચઉ દ્વાર, વીતરાગી વીર જીન પૂજીએ

. .

ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બિરાજો,

પ્રભુ મારા વંદન, પ્રભુ મારા વંદન

ભલે ના નિહાળું નજરથી તમોને,

મળ્યા ગુણ તમારા, સફળ મારું જીવન

ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બિરાજો,

પ્રભુ મારા વંદન, પ્રભુ મારા વંદન

રત્નસિંહાસને જિનજી બિરાજતા

માલકોષ રાગમાં દેશના ત્યાં આપતા

વાણી યોજન વિસ્તાર, વીતરાગી વીર જીન પૂજીએ

ગૌતમ આદિના શંશય ટાલીયા

ચારિત્ર દઈ ગણધર પદે સ્થાપિયા

સમજાવ્યો સ્યાદ્વાદ સાર, વીતરાગી વીર જીન પૂજીએ

સ્થાપીયો ચતુર્વિંધ સંઘ તેણે સમે

સૂર નર તિર્યંચ સર્વ સુખમાં રમે

ઉત્સવ રંગ અપાર, વીતરાગી વીર જીન પૂજીએ

શાશન સ્વામી દેવછંદે સોહાવતા

યશોભદ્ર અરિહંત ગુણ ગાવતાં

ભવ ભય ભંજનહાર, વીતરાગી વીર જીન પૂજીએ

ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બિરાજો,

પ્રભુ મારા વંદન, પ્રભુ મારા વંદન

કાવ્યમ

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ, ચરિત્તનાણે સિવસુકખકાલે |

મહંકરેજ્જાડસુરસુરઈંદા, જએઉસોવીર-જિણિન્દનાહો ||

મંત્ર:

હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, જલમ, ચંદનમ, પુષ્પમ, ધૂપમ,

દીપમ, અક્ષતમ, નૈવેધ્યમ, ફલમ, યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

શ્રી કેવલજ્ઞાન કલ્યાણકે ચતુર્થ પૂજા સમાપ્ત